આદર્શ નિવાસી શાળા (કન્યા) જિ. વડોદરા અને
આદર્શ નિવાસી શાળા (કન્યા) વલ્લભ વિદ્યાનગર જિ.
આણંદના મકાન બાંધકામ બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅમશ/૧૦૧૫/૮૫૩૭૫૯/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૪/૫/૨૦૧૬

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તાઃ ૪/૧૨/૨૦૧૫નો પત્ર ક્રમાંકઃ અજાક-ગ.૧-૧-૨૦૧૫-૧૬-૮૫૫૨-૫૩.

ઠ રા વઃ-

અનુસૂચિત જાતિની (૧) આદર્શ નિવાસી શાળા, અ.જા (કન્યા) વડોદરા (૨) આદર્શ નિવાસી શાળા, અ.જા (કન્યા) વલ્લભ વિદ્યાનગર જિ. આણંદ ના મકાન બાંધકામ માટે વર્ષ ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રમાં રૂ.૪૦૦.૦૦ લાખ ની નવી સેવાનો સમાવેશ કરવા માટે વંચાણે લીધા ક્રમ-૧ પરના તા.૪-૧૨-૨૦૧૫ના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે દરખાસ્ત કરેલ હતી. જેની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી સદરહુ બન્ને આદર્શ નિવાસી શાળા માટે સમાન પ્રકારનાં બાંધકામ માટે માર્ગ અને મકાન વિભાગની બે જુદી જુદી કચેરીઓનાં અંદાજોમાં રૂ. ૨૫૭.૨૭ લાખ (૧૭૫૨-૧૪૯૪.૭૩) જેટલો તફાવત જણાય છે. બન્ને આદર્શ નિવાસી શાળાની માન્ય સંખ્યા પણ સમાન છે. જે ધ્યાને લેતાં આ કામ અંગે માન્ય ટાઇપ ડીઝાઇન મુજબ ખરેખર કેટલું બાંધકામ કરવાનું રહે છે. તે મુજબ વિગતવાર અંદાજો તૈયાર કરી સક્ષમ કક્ષાએ મંજુરી મેળવી લેવાની શરતે બન્ને આદર્શ નિવાસી શાળાઓ માટે રૂ. ૧૪૯૪.૭૩ લાખનાં અંદાજોને સમાન ધોરણે વહીવટી મંજુરી આપવામાં આવે છે.અને તે મુજબ બે આદર્શ નિવાસી શાળા માટે વર્ષ ૨૦૧૬-૧૭નાં અંદાજોમાં થયેલ રૂ. ૪૦૦.૦૦ લાખની નવી સેવાની જોગવાઇને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ બાબતે વહીવટી મંજુરી અંગેના જરૂરી હુકમો કર્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રર્વતમાન નિયમોને આધિન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે તાત્કાલિક પ્રવર્તમાન એસ.ઓ.આર. મુજબ નકશા અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૮) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૯) સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદી નીતિની જોગવાઇઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

આ અંગેની બજેટ જોગવાઇ, માંગણી નં.૯૫- (અનુસૂચિત જાતિ પેટા યોજના), મુખ્ય સદર- ૪૨૨૫, પેટા મુખ્ય સદરઃ ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭ શિક્ષણ, પેટા સદર- (૦૧) બીસીકે-૨૮-અનુસૂચિત જાતિ પેટા યોજના છોકરાઓ અને છોકરીઓ માટે સરકારી આદર્શ નિવાસી શાળાઓનું બાંધકામ (પ્લાન) અંગેના બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૨૬-૪-૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

( દિક્ષીત જોષી )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન આણંદ/વડોદરા
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
નાયબ નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી, આણંદ/ વડોદરા
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત) આણંદ/ વડોદરા
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, આણંદ/ વડોદરા
બજેટ શાખા, તથા કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.